| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૨૨–૦૪–૨૦૨૨ | | |
| દાખલ તારીખ | ૨૨–૦૪–૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૦૧–૦૭–૨૦૨૪ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૨ | ૦૯ |

**FORM-A**

**મે. ખેડા જીલ્લાના પાંચમા એડીશનલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ–નડીઆદ.**

**(એમ.એલ.શેખ, સેશન્સ જજ )**

**ચુકાદાની તારીખ : ૦૧–૦૭–૨૦૨૪**

**સેશન્સ કેસ નં.૨૬/૨૦૨૨**

**ગુનો :– ખેડા ટાઉન પોલીસ સ્ટેશન** પાર્ટ ગુના રજી. નં.૧૧૨૦૪૦૨૫૨૨૦૦૯૯/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ–૩૦૬,૧૧૪ મુજબ.

| | |
|---|---|
| **ફરીયાદી** | **સ ર કા ર શ્રી** |
| **ફરીયાદી તર્ફે** | **વિ.પી.પી.શ્રી પી.આર.તિવારી** |
| | **વિરૂધ્ધ** |
| **આરોપીઓ** | (૧) મીનાબેન પ્રવિણભાઈ ઉર્ફે પનાભાઈ મહોતભાઈ ગોહેલ, ઉ.વ. ૩૫<br>(૨) વિધ્ધાબેન દોલતભાઈ મહોતભાઈ ગોહેલ, ઉ.વ. ૩૧<br>બંને રહે. પરસાંતજ તાબે રામપુરા, તા.જી.ખેડા |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વ. શ્રી ડી.આર.બ્રહમભટ્ટ** |

## FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૨૬–૦૩–૨૦૨૨ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૨૬–૦૩–૨૦૨૨ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | ૧૬–૦૪–૨૦૨૨ |
| **તહોમતનામું ફરમાવ્યા તારીખ** | ૨૧–૧૧–૨૦૨૨ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૦૬–૦૯–૨૦૨૩ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | –– |
| **ચુકાદાની તારીખ** | ૦૧–૦૭–૨૦૨૪ |
| **સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો.** | – |

| **આરોપીઓની માહિતી** | |
|---|---|
| **આરોપીઓના નામ** | (૧) મીનાબેન પ્રવિણભાઈ ઉર્ફે પનાભાઈ મહોતભાઈ ગોહેલ, ઉ.વ. ૩૫<br>(૨) વિદ્યાબેન દોલતભાઈ મહોતભાઈ ગોહેલ, ઉ.વ. ૩૧<br>બંને રહે. પરસાંતજ તાબે રામપુરા, તા.જી.ખેડા |
| **ધરપકડની તારીખ** | |
| **જામીન પર છુટવાની તારીખ** | |
| **ચાર્જ ફ્રેમ કર્યા મુજબની કલમ** | ઈ.પી.કો.કલમ–૩૦૬,૧૧૪ મુજબ. |
| **નિર્દોષ કે દોષિત** | નિર્દોષ |
| **સજા લાદવામાં આવી** | -- |
| **કલમ 428,Cr.P.C. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** | -- |

# ::- ચુકાદો -::

(૧) આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૩૦૬,૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું તહોમત છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીની દિકરી મરણજનાર મીનાબેન ઉર્ફે ભાઉને ઘરના નાના મોટા કામકાજ બાબતે શારીરિક, માનસીક ત્રાસ આપતા મરણજનારે તા.૨૬.૦૩.૨૦૨૨ ના રોજ કલાક ૧૩.૩૦ થી ૧૫.૪૫ ના સમયગાળા દરમ્યાન તેણીની સાસરી પરસાંતજ, તાબે રામપુરા ગામે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી પોતાનું મોત નીપજાવી આરોપીઓએ ગુન્હો કરવામાં એક બીજાને મદદગારી કરી ગુન્હો કરતા ફરીયાદીએ હાલના ગુનાની ફરીયાદ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં આપેલ.

(૩) સદરહુ ફરીયાદ ખેડા ટાઉન પોલીસ સ્ટેશન પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૪૦૨૫૨૨૦૦૯૯/૨૦૨૨ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદરહુ ગુનાની તપાસ કરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ખેડાના વિધ્વાન એડી.ચીફ.જયુડી. મેજી.ની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૪) વિધ્વાન એડી.ચીફ.જયુડી.મેજી., ખેડાનાએ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આરોપીઓ વિરૂધ્ધના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવાની સત્તા સેશન્સ કોર્ટને હોઈ, ખેડાના વિધ્વાન એડી.ચીફ.જયુડી.

મેજી.શ્રીએ સદરહુ કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમીટ કરવાનો હુકમ કરેલ અને ત્યારબાદ સદરહુ કેસ સેશન્સ કમીટ થઈ, સેશન્સ કોર્ટ, નડીઆદ તરફ આવતાં, સેશન્સ કેસ નં. ૨૬/૨૦૨૩ થી નોંધવામાં આવેલ છે.

(૫) આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થતા આરોપીઓ વિરુધ્ધ આંક–૭ થી ઉપરોકત શિક્ષાપાત્ર ગુનાઓનું તહોમતનામું ફરમાવવામાં આવતા આરોપીઓએ આંક–૮ અને ૯ થી તહોમતનામાનો ઈન્કાર કરી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**(અ) <u>મૌખિક પુરાવો</u> :–**

| <u>અનુ. નં</u> | <u>સાહેદનું નામ</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|---|
| ૧. | જશવંતભાઈ ઉદાભાઈ ગોહેલ | પંચ સાહેદ | ૧૦ |
| ૨. | માનસીંગભાઈ મઘાભાઈ ચૌહાણ | પંચ સાહેદ | ૧૩ |
| ૩. | રમેશભાઈ શકરાભાઈ રાઠોડ | ફરીયાદી | ૧૫ |
| ૪. | લક્ષ્મીબેન રમેશભાઈ રાઠોડ | સાહેદ | ૧૭ |
| ૫. | ડો. વૈશાલી ગોવિંદભાઈ ઝનકાટ | સાહેદ | ૧૮ |
| ૬. | વિજયભાઈ રમેશભાઈ રાઠોડ | સાહેદ | ૨૩ |
| ૭. | રાજેશકુમાર ઉર્ફે અજય અરવિંદભાઈ ગોહેલ | સાહેદ | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૮. | નયના મોહનસિંહજી રાજપુત | સાહેદ | ૨૭ |
| ૯. | હિમાંશુ અંબાલાલ રિષિન | ત.ક.અમલદાર | ૩૧ |
| ૧૦. | હિતેષ રણછોડભાઈ પ્રજાપતિ | પી.એસ.ઓ | ૩૪ |

## (બ) દસ્તાવેજી પુરાવો :-

| અનુ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૨. | ફરીયાદી રમેશભાઈ રાઠોડની ફરીયાદ | ૧૬ |
| ૩. | મરણજનારની પી.એમ.નોટ | ૨૦ |
| ૪. | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૨૧ |
| ૫. | એફ.એસ.એલ અહેવાલ | ૨૨ |
| ૬. | મોબાઈલ વાન અહેવાલ | ૨૮ |
| ૭. | ઈન્કવેસ્ટ પંચનામું | ૨૯ |
| ૮. | મરણોત્તર ફોર્મ | ૩૨ |
| ૯. | લાશ સોંપ્યાની પહોંચ | ૩૩ |
| ૧૦. | એફ.એસ.એલ. પહોંચ | ૩૫ |
| ૧૧. | એફ.એસ.એલ. પહોંચ | ૩૬ |
| ૧૨. | એફ.એસ.એલ. પહોંચ | ૩૭ |
| ૧૩. | એફ.એસ.એલ. પત્ર | ૩૮ |
| ૧૪. | એફ.એસ.એલ. પત્ર | ૩૯ |
| ૧૫. | એફ.એસ.એલ. અહેવાલ | ૪૦ |
| ૧૬. | એફ.એસ.એલ પત્ર | ૪૧ |
| ૧૭. | એફ.એસ.એલ. અહેવાલ | ૪૨ |
| ૧૮. | સીરોલોજી અહેવાલ | ૪૩ |

(૭) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી આંક-૪૪ કલોઝીંગ પુરસીસ થી રજુ કરી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીઓએ તેમના વિરુધ્ધના ઈન્ક્રિમેનેટીંગ સંજોગો અને પુરાવાઓનો ઈન્કાર કરી તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ હોવાનો બચાવ લીધેલ છે.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી પી.આર.તિવારી તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ડી.આર.બ્રહમભટ્ટની દલીલો સાંભળી.

(૯.૧) વિ.એડી.પી.પી.શ્રી પી.આર.તિવારી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૩૦૬,૧૧૪ મુજબના ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે. આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે ૧૦ સાહેદોનો મૌખિક પુરાવો તથા કુલ-૧૮ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી રમેશભાઈ શકરાભાઈ રાઠોડને આંક-૧૫ થી તપાસવામાં આવેલ છે અને તેમના પુરાવામાં આંક-૧૬ થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. ફરીયાદીએ તેમના પુરાવામાં આંક-૧૬ ની ફરીયાદ હકીકત અને બનાવની હકીકતોને સંપૂર્ણ સમર્થન આપેલ છે અને આરોપીઓના ગુજરનારને આપવામાં આવતા શારીરિક અને માનસિક ત્રાસ અને સતત

મારઝુડ કરતા હોવાના કારણે ગુજરનારે આત્મહત્યા કરેલ છે. ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીના પુરાવાનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેથી ફરીયાદીના પુરાવાને ન માનવાને કોઈ કારણ રહેતું નથી. વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ લક્ષ્મીબેન રમેશભાઈ રાઠોડ ને આંક–૧૭ થી તથા સાહેદ વિજયભાઈ રમેશભાઈ રાઠોડને આંક–૨૩ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદો અનુક્રમે ગુજરનારના માતા અને ભાઈ થાય છે. આ બંને સાહેદોએ પણ તેઓના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સંપુર્ણ સમર્થન આપેલ છે. આ સાહેદોની ઉલટ તપાસમાં તેમના પુરાવાનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમા વિ.એડી. પી.પી શ્રી પી.આર. તિવારી તરફથી એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે આ કામે ફરીયાદપક્ષ તરફથી ડો. વૈશાલી ગોવીંદભાઈ ઝનકાટને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે અને આંક–૨૦ થી પી.એમ. નોટ, આંક–૨૧ અને ૨૨ થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે. ડોકટર શ્રીનો પુરાવો તથા આ બંને દસ્તાવેજી પુરાવાઓ જોતા ગુજરનારનું મૃત્યુ કુદરતી મૃત્યુ ન હતું અને તે સુસાઈડલ ડેથ હતું અને ગુજરનારનું ગળે ફાંસો ખાવાથી ગુંગળામણના કારણે મૃત્યુ નીપજેલ છે વધુમાં, વિ.એડી.પી.પી.શ્રી પી.આર. તિવારી તરફથી એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર હીમાંશુ અંબાલાલ રિષિનનાઓને આંક–૩૧ તથા હીતેષ રણછોડલાલ પ્રજાપતિને આંક– ૩૪ થી તપાસવામાં આવેલ છે અને આ સાહેદો એ તેમના પુરાવામાં તેમણે જે તપાસ કરેલ છે અને તપાસ દરમ્યાન

જે કામગીરી કરેલ છે તેનું નિરૂપણ કરેલ છે. આ સાહેદોની ઉલટ તપાસમાં પણ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સમગ્ર સાહેદોનો પુરાવો જોવામાં આવે તો, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરી શકતા હોય આરોપીઓને તકસીરવાન ઠરાવવા ભારપૂર્વક દલીલ કરેલ છે.

(૯.૨) બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ડી.આર.બ્રહમભટૃ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધ ઈ. પી. કો. કલમ–૩૦૬,૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું છે. આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૪૯૮(ક) ના શિક્ષાપાત્ર ગુન્હાનો કોઈ ચાર્જ નથી. આરોપીઓ અને ગુજરનાર વચ્ચે ૪ વર્ષનું લગ્ન જીવન હતું. આ કામે ગુજરનારના પિતા રમેશભાઈ શકરાભાઈ રાઠોડને આંક–૧૫, ગુજરનારની માતા લક્ષ્મીબેન રમેશભાઈ રાઠોડને આંક–૧૭ તથા ગુજરનારના ભાઈ વિજયભાઈ રમેશભાઈ રાઠોડને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ શારીરિક અને માનસિક ત્રાસનો કોઈ પુરાવો આપેલ નથી અને માત્ર આરોપીઓ ગુજરનારને ઘરના કામકાજ બાબતે મેણાટોણા મારતા હતા તેટલો જ પુરાવો આપેલ છે આને શારીરીક માનસિક ત્રાસ કહી શકાય નહી. આ લગ્ન જીવનની સામાન્ય તકરાર છે. વધુમાં વિ.વ.શ્રી ડી.આર.બ્રહમભટૃ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે પંચોએ પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી અને તેઓ ફરી ગયેલા છે. ડોકટરશ્રીના આંક–૧૮ ના પુરાવાથી એ હકીકત સાબીત થાય છે કે, ગુજરનારનું મૃત્યુ

ગળે ફાંસો ખાવાને કારણે ગુંગળામણના કારણે થયેલ છે. વધુમાં વિ.વ.શ્રી ડી.આર. બ્રહમભટ્ટ તરફથી એવી દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ ઈ.પી.કો.કલમ–૧૦૭ ના તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેમજ ઈ.પી.કો.કલમ–૧૦૭ ના કોઈ પણ તત્વો સંતોષાતા નથી. ઈ.પી.કો.કલમ–૩૦૬ મુજબનો ગુનો સાબીત કરવા માટે ઈ.પી.કો.કલમ–૧૦૭ ના તત્વો સાબીત કરવા જરૂરી છે. પરંતુ આ કામે સમગ્ર પુરાવો જોતાં તો ઈ.પી.કો.કલમ–૧૦૭ ના કોઈ તત્વો સંતોષાતા નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂકવા ભારપૂર્વક દલીલ કરેલ છે.

(૧૦) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતાં આ કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::– મુ દ્દા ઓ –::**

:૧: શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબીત કરી શકે છે કે, આ કામના આરોપીઓએ ગુજરનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા માટે દૃષપ્રેરણ કરી તેના કારણે ગુજરનારે બનાવની તારીખ, સમય અને સ્થળે આત્મહત્યા કરી, તમામ આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો

શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે:–

:૧: નકારમાં

:૨: આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં.૧:–</u>**

(૧૨) પ્રસ્તુત કામે ફરીયાદપક્ષ તરફથી ગુનાવાળી જગ્યાનું પંચનામું સાબીત કરવા માટે પંચ સાહેદ જશવંતભાઈ ઉદાભાઈ ગોહેલ ને આંક–૧૦ તથા માનસિંગભાઈ મઘાભાઈ ચૌહાણને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે અને આંક–૧૨ થી પંચનામું રજુ કરવામાં આવેલ છે. આ બંને સાહેદોનો પુરાવો જોવામાં આવે તો, આ બંને સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આ બંને પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન ન આપતા ફરીયાદપક્ષ તરફથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓની વિ.એડી.પી.પી.શ્રી તફરથી ઉલટ તપાસ પણ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસમાં પણ પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને આમ, આ બંને પંચ સાહેદોના પુરાવા થી ફરીયાદપક્ષ આંક–૧૨ ના પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. પંચો

એ પંચનામાના ઓથર હોય છે અને પંચનામું હંમેશા પંચોના લખાવ્યા મુજબ લખવામાં આવતું હોય છે જો પંચો અદાલત રૂબરૂ પંચનામાની હકીકતોને સમર્થન ન આપે તો ફરીયાદપક્ષ તપાસ કરનાર અમલદારના પુરાવાથી પણ યોગ્ય રીતે પંચનામું સાબીત કરી શકે છે. પરંતુ હાલના કેસમાં તપાસ કરનાર અમલદારનો પુરાવો પણ જોવામાં આવે તો, ફરીયાદપક્ષ તપાસ કરનાર અમલદારના પુરાવાથી પણ પંચનામાના તત્વો સાબીત કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ આંક-૧૨ નું પંચનામું સાબીત કરવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે, તેવું માનું છું.

(૧૩) પ્રસ્તુત કેસમાં બચાવપક્ષ તરફથી આંક-૨૯ નું ઈન્કવેસ્ટ પંચનામું કબુલ કરવામાં આવેલ છે. આ પંચનામુ જોતા એ હકીકત સાબીત થાય છે કે, મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે અને પંચોએ જે હકીકતો મરણજનારની લાશ ઉપર જોયેલ હતી તે પંચનામામાં લખાવેલ છે અને તેમાં આરોપીઓની સંડોવણી પ્રસ્થાપિત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી રમેશભાઈ શકરાભાઈ રાઠોડનાઓને આંક-૧૫ થી તથા ગુજરનારની માતા લક્ષ્મીબેન રમેશભાઈ રાઠોડને આંક-૧૭ થી તથા ગુજરનારના ભાઈ વિજયભાઈ રમેશભાઈ રાઠોડને આંક-૨૩ થી તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદોનો પુરાવો લગભગ એક સરખો છે તેથી આ તમામ સાહેદોના પુરાવાની ચર્ચા એક સાથે કરવી હું જરૂરી સમજુ છું. આ તમામ સાહેદો એવો પુરાવો આપે છે કે, મીનાબેન ઉર્ફે ભાઉ ના લગ્ન આશરે પાંચ વર્ષ પહેલા

રાજેશ ઉર્ફે અજય સાથે કરેલા. લગ્ન બાદ મારી દીકરી તેની સાસરીમાં તેના પતિ, સસરા તથા કાકી સાસુ મીનાબેન તથા વિદ્યાબેન સાથે સંયુકત કુંટુંબમાં રહેતી હતી. લગ્ન જીવન દરમ્યાન મીનાબેનને સંતાનમાં એક દીકરો છે. વધુમાં આ સાહેદ એવો પુરાવો આપે છે કે મીનાબેનનું લગ્ન જીવન સારું ચાલતુ હતુ પરંતુ તેની કાકી સાસુ મીનાબેન અને વિદ્યાબેન મારી દીકરીને કામ બાબતે મેણા મારતા હતા. મારી દીકરી રીસાઈને અમારા ઘરે આવતી હતી તે વખતે આ હકીકતની જાણ કરતી હતી. ત્યારબાદ મારી દીકરીનું ઘર ના ભાગે તે માટે હું તેને સમજાવી સાસરીમાં પરત મુકી આવતો હતો. વધુમાં આ સાહેદ એવો પુરાવો આપે છે કે, આજ થી આશરે ૧૮ મહીના પહેલા હું મારા ઘરે હતો ત્યારે પોપટભાઈએ મારા દીકરા વિજયને ફોન કરીને જણાવેલ કે મીનાબેન ઉર્ફે ભાઉ મરણ ગયેલ છે. જેથી અમો બધા મારી દિકરીના સાસરીમાં ગયેલ અને જોયેલ તો મારી દીકરી મરણ ગયેલ હાલતમાં હતી. મારી દીકરીના ગળામાં ચાઠું હતુ. મારી દીકરી ગળે ફાંસો ખાઈને મરણ ગયેલ હતી. સાહેદ રમેશભાઈ શકરાભાઈ રાઠોડ આંક–૧૬ ની ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

(૧૪.૧) ફરીયાદી રમેશભાઈ શકરાભાઈ રાઠોડ ની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરે છે કે, મને ત્રાસની હકીકત મારી દીકરી કહેતી હતી તેથી મને ખબર પડેલી. ત્રાસ બાબતે મને કોઈ જાતમાહીતી નથી. એ હકીકત કબુલ કરે છે કે, મારી દીકરીનો સ્વભાવ લાગણીશીલ અને ભાવુક હતો. અમે અગાઉના ત્રાસ બાબતે કોઈ ફરીયાદ આપેલ નહી.

સાહેદ લક્ષ્મીબેન રમેશભાઈ રાઠોડની ઉલટતપાસ જોવામાં આવે તો એવી હકીકત જણાવે છેકે, ત્રાસની હકીકત મને મારી દીકરીએ કહેલી.

સાહેદ વિજયભાઈ રમેશભાઈ રાઠોડની ઉલટતપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરે છે કે, મારી બહેન પીયર આવીને અમને કહેતી હતી તેથી અમને ત્રાસ બાબતે ખબર પડેલી. એ હકીકત પણ કબુલ કરે છે કે, મારી બેનને તેમના કાકી સાસુ તરફથી શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો તે અંગે હાલની ફરીયાદ સિવાય અમે કોઈ ફરીયાદ કરેલી નહી. મને મારી બેનના ત્રાસ બાબતે કોઈ જાત માહિતી ન હતી.

(૧૪.૨) ફરીયાદીના આંક-૧૫ તથા સાહેદ લક્ષ્મીબેન અને વિજયભાઈ રમેશભાઈ રાઠોડના અનુક્રમે આંક-૧૭ અને ૨૩ ના પુરાવાનું એકી સાથે મૂલ્યાંકન કરવામાં આવે તો, રેકર્ડ ઉપરથી એવી હકીકત ફલિત થાય છે કે, ગુજરનારના લગ્ન ચાર વર્ષ પહેલા આરોપી સાથે કરવામાં આવેલા હતા અને તેમની દિકરીને તેની સાસરીમાં તેના કાકી સાસુ મીનાબેન અને વિદ્યાબેન ઘરના કામકાજ બાબતે મેણાટોણા મારતા હતા અને તે રીસાઈને ઘરે આવતી હતી અને આ હકીકતની જાણ તેઓને કરતી હતી. ઉલટ તપાસમાં એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ત્રાસની હકીકત તેમની દિકરી કહેતી હતી. ત્રાસ બાબતે તેમને કોઈ જાતમાહીતી નથી. સરતપાસમાં જે ત્રાસની હકીકતો જણાવેલ છે તે હકીકત અંગે જોવામાં આવે તો, આ સાહેદની હાજરીમાં તેમની દિકરીને કોઈ ત્રાસ આપવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. ત્રાસની

હકીકત તેમની દિકરી ધ્વારા તેમને જાણવા મળેલ છે અને સ્વાભાવિક રીતે કોઈ પણ દિકરી તેને ત્રાસ હોય તો તે અંગેની જાણ તેના માતા – પિતાને કરે. આ સાહેદોનો પુરાવો હીયરસે છે. પરંતુ સાથોસાથ શારીરિક માનસિક ત્રાસ અને ઘર ના કામકાજ બાબતે મેણાટોણા ચાર દિવાલોની અંદર બનતી પ્રક્રિયા છે. તેથી સ્વભાવીક છે કે તે અંગોનો બીજો કોઈ જ નજરે જોનાર પુરાવો મળી શકે નહી. માત્ર ભોગ બનનાર એ હકીકત તેના માતા પિતા કે ઘરના સભ્યો ને જણાવે તેના આધારે જ તેની જાણ તેમના ઘરના સભ્યોને થતી હોય છે. તેથી ફરીયાદી અને ઉપરોકત સાહેદોનો પુરાવો માત્ર હીયરસે હોવાથી ફેકી દેવાનો રહેતો નથી. આ કામે ફરીયાદી અને ઉપરોકત બંને સાહેદોનો પુરાવો જોતા એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી કે, તેમની દિકરીએ કયારે તેમને ત્રાસ અંગેની હકીકત જણાવેલ અને બનાવની જાણ તેમને ફોન ઉપર થયેલ છે અને તેમને બનાવની જાણ થતા તેઓ તેમની દિકરીની સાસરીમાં ગયેલ છે અને ત્યાં જઈને જોતાં તેમની દિકરી મરણ ગયેલ હાલતમાં હતી. આ કામે ફરીયાદી તથા ઉપરોકત બંને સાહેદોનો પુરાવો તથા આંક–૧૬ ની ફરીયાદ જોવામાં આવે તો તેમાં માત્ર એટલી હકીકત જણાવવામાં આવેલ છે કે, તેમની દિકરીને તેની કાકીસાસુ મીનાબેન તથા વિદ્યાબેન અવાર નવાર કામકાજ માં મેણાટોણા મારી ત્રાસ આપે છે. આ સિવાય બીજો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર નથી. અત્રે સૌથી મહત્વનો પ્રશ્ન એ થાય છે કે ઘરના કામકાજ બાબતે ત્રાસ આપવાના કૃત્યને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરણી કહી શકાય ? માત્ર ઘરના કામકાજ બાબતે મેણાટોણા ના કારણે કોઈ પણ વ્યકિતને આત્મહત્યા કરવા સિવાય અન્ય બીજો કોઈ વિકલ્પ રહેતો

નથી ? તેનો જવાબ ચોકકસ પણે ના મા કહી શકાય. કારણ કે ફરીયાદી અને સાહેદોના પુરાવામાં  રેકર્ડ ઉપર એવો કોઈ પુરાવો નથી કે આરોપીઓએ કયારે કયારે ગુજરનારને ઘરના કામકાજ બાબતે મેણાટોણા મારી ત્રાસ આપેલ હતો. ફરીયાદી અને સાહેદોનો જે પુરાવો છે તે પુરાવો જોતા તેમા માત્ર સામાન્ય આક્ષેપો છે અને કોઈ ચોકકસ આક્ષેપો કરવામાં આવેલા નથી. ફરીયાદી અને આ સાહેદોનો પુરાવો જોતા એવી હકીકત નિ:શંક પણે સાબીત થતી નથી કે ગુજરનારને અસહય અને સહન ન કરી શકાય તેવો ત્રાસ હતો તેમજ આત્મહત્યા કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. આમ, ફરીયાદી તથા ઉપરોકત સાહેદોનો  પુરાવો ફરીયાદપક્ષને ખાસ મદદરૂપ થતો નથી.

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ રાજેશકુમાર ઉર્ફે અજય અરવિંદભાઈ ગોહેલને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ નો પુરાવો  જોવામાં આવે તો તેઓ ગુજરનારના પતિ થાય છે અને બનાવના દિવસે તેઓ ખેતરમા હતા અને બપોરે ઘરે આવ્યા ત્યારે રૂમનો દરવાજો અંદરથી બન હતો તે ખખડાવતા સ્ટોપર પડી ગયેલી તેથી રૂમની અંદર જઈ જોતા તેમની પત્ની સાડી હુક સાથે બાંધીને લટકતા હતા. ત્યારબાદ તેમણે સગાવ્હાલાઓને જાણ કરેલી. આ સાહેદ ગુજરનારના પતિ હોવા છતાં ફરીયાદપક્ષના કેસની સમર્થન નહી આવતા વિ.એડી.પી.પી શ્રીએ આ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ છે અને તેઓની ઉલટ તપાસ પણ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં કોઈ મહત્વની હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી બનાવવાળી જગ્યાની વીઝીટ કરનાર એફ.એસ.એલ અધિકારી નયના મોહનસિંહ રાજપુતને આંક–૨૭ થી તપાસમાં આવેલ છે અને સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૨૮ થી રજુ કરવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોતા એટલી હકીકત સાબીત થાય છે કે ગુનાવાળી જગ્યા મોજે પરસાંતજ રામપુર ખાતે આવેલ પાકા મકાનની ઓરડીમાં આવેલ હતી અને છાજલી નજીક એક લોખંડનો હુક આવેલ હતો અને ગુજરનારે હુક ઉપર સાડી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ.

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી ડો.વૈશાલી ગોવિંદભાઈ ઝનકાટને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, તા.૨૭–૦૩–૨૦૨૨ ના રોજે મરણજનાર મીનાબેન ઉર્ફે ભાઉ રાજેશકુમાર ગોહેલની લાશ પી.એમ. માટે પોલીસ સ્ટેશનની યાદી સાથે તેમની પાસે આવતા તેમણે બપોરે કલાક ૨:૧૦ કલાકે પી.એમ. શરૂ કરી કલાક ૩:૩૦ વાગ્યે પૂર્ણ કરેલ અને લાશનું બાહ્ય પરીક્ષણ કરતા ગળાના આગળના અને જમણી ભાગે ઘાટા લાલ ભુખરા રંગનો હાર્ડ થઈ ગયેલો પ્રેશર એબ્રેઝન ના રૂપમાં લીગેચર માર્ક હતો. જે થાઈરોઈડ કાર્ટીલેજના લેવલની ઉપરની બાજુએ હતો. જે ગળાના ડાબી બાજુ ૧૧ સે.મી ના ગેપ મુકી ગળાને અધુરી રીતે ઈન સર્કલ કરતો હતો. ગળાનું ટોટલ સકમસરન ૩૨ સે.મી હતુ. લીગેચર માર્ક ની લંબાઈ ૨૨ સે.મી અને પહોળાઈ ૨–૩ સે.મી હતી. ગળાને એકટેન્ડ કરતા લીગેચર માર્કની ઉપરની માર્જીન મધ્ય રેખામાં દાઢીથી ૪ સે.મી. નીચે હતી અને નીચેની માર્જીન સુપ્રાસ્ટનલ

નોચ થી ૮ સે.મી ઉપર હતી. ગળાના જમણી બાજુ લીગેચર માર્ક જમણા મેસ્ટોઈડ પોસેસ ૫ .૫ સે.મી નીચે હતો અને જમણા જડબાના ખુણાથી ૨.૫ સે.મી નીચે હતો. ડાબી બાજુ લીગેચર માર્ક જડબાના ખુણા ઉપર હતો. ૧૨×૦.૬ સે.મી ના રૂપમા ડાબી બાજુ એ ડાબા જડબાના ખુણા પર ગાંઠની ઈમ્પ્રેશન પડેલી હતી. એક લાલ કલરનું કન્ટયુઝન ૩.૨ સે.મી ના માપનું ત્રાસુ કપાળની ડાબી બાજુ હતુ જે ડાબી આઈબ્રોથી ૩ સે.મી ની ઉપર મધ્ય રેખાથી ૬ સે.મી ડાબી બાજુ હતુ. કોઈ અસ્થિભંગ દેખાયેલ ન હતો. આ ઈજાઓ મૃત્યુ પહેલાની અને તાજી હતી અને કુદરતના સામાન્ય ક્રમમાં કોઈ પણ વ્યકિતનું મૃત્યુ નિપજાવવા પુરતી હતી. લાશની આંતરીક તપાસ કરતા કોલમ નં. ૧૭ મા દર્શાવેલ ઈજા નં.૨ ના સંલગ્નમાં સ્કાલ્પમાં ડાબા ફ્રન્ટલ ભાગમાં ૪×૨.૫ સે.મી માપનું કંટયુજન હતુ કોઈ અસ્થિભંગ ન હતુ. લાશ ઉપરથી બોટલ નં. ૧ માં સ્ટમક, નાના આંતરડાનું ટુકડો, બોટલ નં.૨ માં લીવર,સ્પીલીન તથા બંને કીડનીના ટુકડા, બોટલ નં. ૩ માં લોહી, બોટલ નં. ૪ માં પ્રિઝરવેટીવ મીઠાનું દ્રાવણ તથા કવરમાં ઈ.ડી.ટી.એ વાળુ લોહી રાસાયણિક પૃથ્થકરણ માટે લીધેલુ. સદર શબ પરીક્ષણ ઉપર જોયેલ અવલોકનોના આધારે મૃત્યુનું કારણ ગળે ફાંસો ખાવાના કારણે શ્વાસોશ્વાસની ક્રીયા બંધ થઈ જવાને કારણે થયેલ હતુ.વધુ તપાસ માટે વીશેરા રાસાયણિક પૃથ્થકરણ માટે મોકલેલા હતા. આંક–૨૦ ની પી.એમ. નોટમાં તેમની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ એવો પુરાવો આપે છે કે, એફ.એસ.એલ અહેવાલ આવતા મરણ જનારના વીશેરામાં કોઈ રાસાયણિક ઝેર ની હાજરી શોધાયેલ ન હતી. વધુમાં એવો અભિપ્રાય આપેલ છે કે, મરણ જનારના ગળે થયેલ ઈજાઓ મૃદામાલ

સાડીથી ફાંસો ખાવામાં આવે તો સંભવીત છે.

(૧૭.૧) આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો, એ હકીકત કબુલ કરે છે કે, કોઈ પણ વ્યકિત હેગિંગ કરે તો કોલમ નં. ૧૭ માં થયેલી ઈજા નં. ૧ થઈ શકે. એ હકીકત પણ કબુલ કરે છે કે, સામાન્ય રીતે કોઈ વ્યકિત જાતે હેંગ કરે તો બચવા માટેનો પ્રયત્ન કરે. એ હકીકત પણ કબુલ કરે છે કે, કોઈ વ્યકિત બચવાનો પ્રયત્ન કરે અને તે વખતે કોઈ વસ્તુ સાથે અથડાય તો તેને ઈજા નં. ૨ થઈ શકે.

(૧૭.૨) આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આ સાહેદ મરણજનારની લાશનું પી.એમ. કરનાર સાહેદ છે અને પી.એમ. દરમ્યાન લાશ ઉપર ગળાના ભાગે થાઈરોઈડ કાર્ટિલેજ ઉપર ઈજાના નિશાનો માલુમ પડેલા. અને આંતરીક તપાસમાં ઈજા નં. ૨ ના સંલગ્નમાં ડાબા ફ્રન્ટલ ભાગમાં એક કંટયુઝન હતુ. મરણજનારનું મૃત્યુ લટકી જવાના કારણે ગુંગળામણ થવાથી શ્વસનતંત્ર બંધ પડી જવાથી થયેલ. મરણજનારના શબ ઉપર લીગેચર માર્કના નીશાન સિવાય બીજી કોઈ ઈજાઓ ન હતી કે વિશેરા માં કોઈ રાસાયણિક ઝેરની હાજરી માલુમ પડેલ ન હતી. એટલે કે, મરણજનારનું મૃત્યુ આત્મહત્યા થવાના કારણે થયેલ હતું, તેવું આ સાહેદના પુરાવાથી ફલિત થાય છે.

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૯ હિમાંશુ અંબાલાલ રિષિનને આંક-૩૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ એવો પુરાવો આપે છે કે, તા.૨૬-૦૩-૨૦૨૨ ના રોજ ખેડા ટાઉન પોલીસ સ્ટેશન

ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૦૯૯/૨૦૨૨ ઈ.પી.કો.કલમ-૩૦૬,૧૧૪ મુજબના ગુનાની તપાસ તેમને મળતા તેમણે તપાસ સંભાળેલી. આ તપાસના કામે મરણજનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામું કરેલુ. લાશનું મરણોત્તર ફોર્મ ભરી પેનલ ડોકટર મારફતે પી.એમ. થવા માટે મેડીકલ ઓફીસર ખેડા સિવિલને મોકલી આપેલી. ત્યારબાદ તા. ૨૭/૦૩/૨૦૨૨ ના રોજ ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચોની તથા એફ.એસ.એલ અધિકારીની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલુ. મરણજનારની લાશનું પી.એમ. થયા બાદ પી.એમ. નોટ આવતા તપાસના કામે સામેલ રાખેલ અને આરોપીને ગુના ના કામે અટક કરી નામ. કોર્ટમાં રજુ કરેલ અને આગળની તપાસ સિનિયર પી.એસ.આઈશ્રીને પરત સોંપેલી.

(૧૮.૧) આ સાહેદની ઉલટ તણાસ જોવામાં આવે તો, એ હકીકત કબુલ કરે છે કે, શારીરિક માનસિક ત્રાસ અને આત્મહત્યા ના કેસમા ભોગ બનનારના પાડોશીઓના નિવેદનો લેવા જોઈએ. એ હકીકત કબુલ કરેલ છે કે, મે આ કામે કોઈ પાડોશીઓના નિવેદનો લીધા નથી.

(૧૮.૨) ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ નં.૧૦ હિતેષ રણછોડભાઈ પ્રજાપતિનાઓને આંક-૩૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, ફરીયાદી તેમના રૂબરૂ આવીને ફરીયાદ લખાવતા ફરીયાદ લખી લઈ ગુનો દાખલ કરી આગળની તપાસ શ્રી એચ.એ.રિષિન ને સોંપેલી અને એફ.એસ.એલ માંથી અહેવાલ

તથા સીરોલોજી અહેવાલ આવતા તપાસના કામે સામેલ રાખેલ.

(૧૮.૩) બંને તપાસ કરનાર અમલદારના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તપાસ કરનાર અમલદારને તેમની ફરજના ભાગરૂપે તપાસ સોંપવામાં આવતા તેમણે તપાસ સંભાળેલ છે અને તપાસ દરમ્યાન જે કાર્યવાહી કરેલ છે તેનો ચિતાર તેમણે તેમના પુરાવામાં રજુ કરેલ છે. ઉલટ તપાસમાં એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામે પાડોસીઓના કોઈ નિવેદનો નોંધેલ નથી કે સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી.

(૧૯) પ્રસ્તુત કેસમાં આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૬ મુજબના ગુનાનું તહોમત છે. આ તબકકે ઈ.પી.કો. કલમ–૩૦૬ નો ઉલ્લેખ કરવો જરૂરી સમજું છું.

***ઈ.પી.કો.કલમ–૩૦૬:–***

*કોઈ પણ વ્યકિત, આત્મહત્યા કરે તો તેને તેમ કરવામાં કોઈ વ્યકિતએ મદદગારી કરી હોય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.*

ઈ.પી.કો. કલમ–૩૦૬ ના તત્વો નીચે મુજબ છે:–

*:૧: કોઈ વ્યકિત આત્મહત્યા કરે.*

*:૨: આવી આત્મહત્યામાં આરોપીએ મદદગારી કરી.*

*:૩: મદદગારીના અનુસંધાને આત્મહત્યા થવા પામી.*

એટલે કે, પહેલા એ હકીકત સાબીત થવી જરૂરી છે કે, મૃત્યુનું

કારણ શું હતું. તે પુરવાર થવું જરૂરી છે. એટલે કે, વ્યકિતએ આત્મહત્યા કરેલ છે તે વ્યકિતનું ડેથ સુસાઈડલ ડેથ છે, નહી કે હોમોસાઈડલ ડેથ અને આવી આત્મહત્યા કરવામાં આરોપીએ મદદગારી કરેલ હોય અને આવી મદદગારીના અનુસંધાને જ આત્મહત્વા થવા પામી હોય.

(૧૯.૧) ઈ.પી.કો.કલમ–૩૦૬ સાબીત કરવા માટે ઈરાદા પુર્વકની મદદગારી અને ઉશ્કેરણી (ઈન્સ્ટીગેશન) ખૂબ જ મહત્વનું તત્વ છે. મદદગારીની વ્યાખ્યા ઈ.પી.કો.કલમ–૧૦૭ માં આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**<u>ઈ.પી.કો.કલમ–૧૦૭:–</u>**

*કોઈ વ્યકિત કે જે –*

*પહેલું – કોઈ બાબત કરવા માટે અન્ય વ્યકિતને ચઢવણી કરે, અથવા*

*બીજું– કોઈ બાબત કરવા માટે અન્ય એક કે વધુ વ્યકિતઓ સાથે કાવતરામાં સામેલ થવા અને તે કાવતરાંના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનું ગેરકાનૂની રીતે ટાળવામાં આવે, અથવા*

*ત્રીજું:– કોઈ બાબત કરીને અથવા કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ બાબત કરવામાં ઈરાદાપૂર્વક સહાય કરે,*

*તે, તે બાબતમાં મદદગારી કરે છે.*

કલમ–૧૦૭ ના આવશ્યક તત્વો જોવામાં આવે તો, મદદગારી કરવાના કૃત્યમાં કોઈ વ્યકિતની જવાબદારી નિશ્ચિત કરવા માટે દુષિત માનસ અને ગુનાહીત ઈરાદો પ્રથમ આવશ્યક તત્વ છે. એટલે કે, ગુનાહીત ઈરાદો એ આવશ્યક તત્વ છે.

(૨૦) પ્રસ્તુત કેસમાં ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં રાખીને જો ફરીયાદપક્ષના સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સૌપ્રથમ ફરીયાદપક્ષના સાહેદ નં.૫ ડોકટરશ્રી વૈશાલી ઝનકાટના આંક–૧૮ ના પુરાવાથી એ હકીકત સાબીત થાય છે કે, ગુજરનારના શરીરના બાહય કે આંતરિક ભાગ ઉપર કોઈ ઈજાઓ માલુમ પડેલ ન હતી સિવાય કે લીગેચર માર્કસ અને તે લીગેચર માર્કસની ઈજાઓ સાડી વડે ગળે ફાંસો ખાવાના કારણે થયેલ હતી અને તે લીગેચર માર્કસ ઉપરની તરફથી પાછળ અને સાઈડમાં જતા હતા. લીગેચર માર્કસના નીશાન જોતા અને ડો. મોદીનું મેડીકલ જયુરીસ્પ્રુડન્સ જોતાં આ પ્રકારની ઈજાઓ સુસાઈડલ ડેથના કીસ્સામાં સંભવી શકે છે. ડોકટરશ્રીના અભિપ્રાયમાં પણ ગુજરી જનારનું મૃત્યુ લટકી જવાના કારણે ગુંગળામણ થવાથી શ્વસનતંત્ર બંધ પડી જવાના કારણે થયેલ હોવાનું જણાવેલ છે અને આ પ્રકારની ઈજાઓ કોઈ વ્યકિત સાડી ગળે ફાંસો ખાય તો થઈ શકે અને તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા પુરતી હતી. એટલે કે ડોકટરના પુરાવાથી એ હકીકત સાબીત થાય છે કે, ગુજરનારનું મૃત્યુ સુસાઈડલ ડેથ હતું નહી કે હોમીસાઈડલ ડેથ.

(૨૧) આ કામે ફરીયાદી અને સાહેદોનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી અને સાહેદો હીયર સે સાહેદો છે અને તેઓએ આરોપી ગુજરનારને શારીરિક અને માનસિક ત્રાસ આપતા નજરે જોયેલ નથી અને તે સંભવ પણ નથી કે કોઈ વ્યકિત આ ત્રાસ નજરે જુએ. શારીરિક અને માનસિક ત્રાસ એ ઘરના ચાર ખૂંણા વચ્ચે આપવામાં આવતો હોય છે.

ગુજરનારના પીયરપક્ષના સભ્યો તેને નજરે જોનાર સભ્યો હોઈ શકે નહી અને આવા કીસ્સામાં નજરે જોનાર સાહેદોની અપેક્ષા રાખવી વધુ પડતી છે. એ હકીકત ખૂબ જ સ્વાભાવિક છે કે, શારીરિક અને માનસિક ત્રાસના કીસ્સામાં ત્રાસ સહન કરનાર વ્યકિત તેની સૌપ્રથમ જાણ તેના પીયર પક્ષના સભ્યો તેના માતા – પિતા અને ભાઈને કરતી હોય છે અને તે મુજબ સ્વાભાવિક છે કે, ગુજરનારે પણ તે અંગેની જાણ તેના પિતા માતા અને ભાઈને કરી હોય. પરંતુ જયાં સુધી શારીરિક – માનસિક ત્રાસને લગતો સવાલ છે ત્યાં સુધી આ કામે કોઈ જ ત્રાસ દહેજના કારણે આપવામાં આવેલ નથી અને આ કામે ભારતીય દંડ સંહિતા કલમ–૪૯૮(ક) નો કોઈ ચાર્જ પણ નથી. માત્ર સાહેદોના પુરાવામાં એટલી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ગુજરનારને તેણીના કાકી સાસુઓ ઘરના કામકાજ બાબતે મેણાટોણા મારતા હતા. આ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ ફરીયાદી અથવા એક પણ સાહેદે એવો લેશમાત્ર પુરાવો આપેલ નથી કે, ગુજરનારને કેવા પ્રકારનો અને શું ત્રાસ હતો. ફરીયાદપક્ષના પુરાવાના પરિપ્રેક્ષ્યમાં સમગ્રપણે જોવામાં આવે તો, શારીરિક અને માનસિક ત્રાસ બાબતે આ સાહેદે માત્ર સામાન્ય પુરાવો આપેલ છે અને કોઈ સચોટ, ઠોસ કે મજબૂત પુરાવો આપેલ નથી.

(૨૨) ભારતીય દંડ સંહિતા કલમ–૩૦૬ મુજબનો ગુનો સાબીત કરવા માટે ભારતીય દંડ સંહિતા કલમ–૧૦૭ મુજબના તત્વો સંતોષાવા પણ ખૂબ જ જરૂરી છે અને તેમાં મદદગારી હોવી જોઈએ અને આવું

ઈન્સ્ટીગેશન અનબેરેબલ ઈન્સ્ટગેશન હોવું જોઈએ કે જેના કારણે જે વ્યકિતને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવામાં આવી હોય કે મદદગારી કરવામાં આવી હોય તે વ્યકિત પાસે આત્મહત્યા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન રહે અને કોઈ વ્યકિતને કોઈ કાર્ય કરવા માટે ઉશ્કેરવામાં આવે અને તે વ્યકિત તે કાર્ય કરે ત્યારે તેને ભારતીય દંડ સંહિતા કલમ–૧૦૭ મુજબ એબેટમેન્ટ ઓફ થીંગ કહી શકાય અને આવા ઈન્સ્ટીગેશનના કારણે કોઈ વ્યકિત આત્મહત્યા કરે તો ભારતીય દંડ સંહિતા કલમ–૩૦૬ મુજબની આત્મહત્યાના ગુન્હા માટે મદદગારીનો ગુન્હો સાબીત થાય. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ભારતીય દંડ સંહિતા કલમ–૩૦૬ નું તહોમત સાબીત કરવા માટે રેકર્ડ ઉપર એવો ચોકકસ પુરાવો હોવો જોઈએ કે બનાવ પહેલા ગુજરનારને હેરેસમેન્ટ અને ટોર્ચર આરોપી ધ્વારા આપવામાં આવેલ હતું અને જો આ હકીકત સાબીત થાય તો જ ભારતીય દંડ સંહિતા કલમ–૩૦૬ નો ગુન્હો સાબીત થાય અને આ ટોર્ચર અને હેરેસમેન્ટ પણ અનબેરેબલ હોવું જોઈએ અને કે જે ટોર્ચર અને હેરેસમેન્ટના કારણે તે વ્યકિત પાસે આત્મહત્યા કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ ફેકચયુઅલ આસ્પેકટ જોતાં માત્ર ગુજરનારને આરોપીઓ કામકાજ બાબતે મેણાટોણા મારતા હતા. ઘરના કામકાજ બાબતે મેણાટોણા કે લગ્નજીવનની એક સામાન્ય તકરાર છે અને તેના કારણે કોઈ વ્યકિતએ ગુજરનારને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરી હોય કે પ્રેરી હોય અને તેના કારણે ગુજરનાર પાસે માત્ર આત્મહત્યા કર્યા સિવાય અન્ય કોઈ જ વિકલ્પ ન હતો તેવુ કહી શકાય

નહી. એવો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી કે, ગુજરનારને મૃત્યુ પહેલા તરત જ આરોપીઓ અને ગુજરનાર વચ્ચે ઝઘડો તકરાર થયેલ હોય અને તે ખૂબ જ ઉગ્રસ્વરૂપની હોય અને તે ગુજરનારને સહન ન થઈ શકે તેવી હોય. આમ, શારીરિક અને માનસિક ત્રાસ અને આરોપીના ત્રાસ અને મદદગારીના કારણે જ ગુજરનારે આત્મહત્યા કરેલ છે, તેવી હકીકત નિ:શંકપણે સાબીત થતી નથી.

(૨૩) ઉપરોકત કાયદાકીય સ્થિતિ તથા હાલના કેસની હકીકતોને ધ્યાનમાં લેવામાં આવે તો એ હકીકત બિનતકરારી છે કે, ગુજરનાર અને તેના પતિ નું લગ્ન જીવન માત્ર ચાર વર્ષનું હતુ અને જયારે કોઈ પરણીત સ્ત્રી એ લગ્ન જીવનના સાત વર્ષના ગાળાની અંદર આત્મહત્યા કરી હોય ત્યારે સ્પષ્ટ પણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૧૧૩ (એ) આર્કષીત થાય છે.ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૧૧૩ (એ) ની જોગવાઈ નીચે મુજબ છે.

*૧૧૩(ક) પરણીત સ્ત્રી ધ્વારા આત્મહત્યામાં મદદગારી અંગે અનુમાન:–*

*''જયારે કોઈ સ્ત્રીએ કરેલી આત્મહત્યામાં તેના પતિ અથવા તેના પતિના સગાઓએ મદદગારી કરી છે કે નહી તેવો પ્રશ્ન હોય તથા તેણીના લગ્નની તારીખથી સાત વર્ષથી અંદરના સમયમાં તેણે આત્મહત્યા કરી છે તથા તેણીના પતિ અથવા તેના પતિના તેવા સગાઓએ તેવી ક્રુરતાનો ભોગ બનાવી હતી તેવું છે તથા તેણીના પતિ અથવા તેના પતિના તેવા સગાઓએ તેવી ક્રુરતાનો ભોગ બનાવી હતી તેવું*

*દર્શાવવામાં આવે ત્યારે ( તે ) કિસ્સાના અન્ય તમામ સંજોગો લક્ષ પર લઈને, અદાલત અનુમાન કરી શકશે કે આવી આત્મહત્યામાં તેણીના પતિ અથવા તેણીના પતિના તેવા સગાઓએ મદદગારી કરી છે.''*

(૨૪) હવે, ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ મુજબના ગુનાના સંદર્ભમાં ફરીયાદપક્ષના સાહેદો તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તેને તપાસવામાં આવે તો માત્ર ઘરના કામકાજ બાબતે કાકી સાસુ મેણાટોણા મારતા હતા તેટલા માત્ર સામાન્ય આક્ષેપો છે. કોઈ પણ આરોપી વિરુધ્ધ કોઈ ચોકકસ આક્ષેપ કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષના એક પણ સાહેદે તેની જુબાનીમાં એવુ જણાવેલ નથી કે કયા આરોપીએ ગુજરનારને ત્રાસ આપેલ હતો. ચોકકસ આરોપી વિરુધ્ધ ચોકકસ આક્ષેપો હોવા ખુબ જ જરૂરી છે. ફરીયાદપક્ષના એક પણ સાહેદ એવુ બતાવી શકેલ નથી કે ગુજરનારને આરોપીઓ ધ્વારા સતત અને નિરંતર ત્રાસ હતો અને તે ત્રાસ સામાન્ય સંજોગોમાં ગુજરનારને આત્મહત્યા કરવા તરફ દોરી જાય, જાણે કે ગુજરનારને આત્મહત્યા કરવા સિવાય અન્ય કોઈ જ વિકલ્પ રહેતો ન હતો. ભારતીય દંડ સંહીતાની કલમ –૩૦૬ મુજબનું તહોમત સાબીત કરવા માટે ફરીયાદપક્ષે ચોકકસ પણે ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૦૭ ના તત્વો સાબીત કરવા પડે અને તે કોઈ કૃત્ય અથવા કૃત્ય કરવા માટે કાવતરૂ કરવા માટે ઈરાદા પુર્વક મદદગારી કરી ઉશકેરણી કરી હોય એટલે કે તે આરોપીઓ ધ્વારા હોવી જ જોઈએ. જયાં સુધી ફરીયાદપક્ષ ઉશકેરણી અને ઈરાદા પુર્વક મદદગારી ગુજરનારને આત્મહત્યા કરવા

માટે અથવા કોઈ કૃત્ય કરવા માટે અલોપ કરે ત્યાં સુધી આરોપીઓને આ કૃત્ય બદલ દોષિત ઠરાવી શકાય નહી. હાલના કેસમાં આવો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર નથી.

(૨૫) નામ. સર્વોચ્ચ અદાલતના ***૨૦૦૮(૨) ક્રાઈમ્સ પેજ નં.૧૭૫ ઉપર પ્રસિધ્ધ થયેલ સોહન રાજ શર્મા વિ. સ્ટેટ ઓફ હરીયાણા***ના ચુકાદામાં પેરા–૮ અને પેરા–૧૧ માં એવું ઠરાવેલ છે કે,

> *8. Abetment involves a mental process of instigating a person or intentionally aiding that person in doing of a thing. In cases of conspiracy also it would involve that mental process of entering into conspiracy for the doing of that thing. More active role which can be described as instigating or aiding the doing of a thing it required before a person can be said to be abetting the commission of offence under Section 306 of IPC.*
>
> *11. In cases of alleged abetment of suicide there must be proof of direct or indirect acts of incitement to the commission of suicide. The mere fact that the husband treated the deceased-wife with cruelty is not enough. [See Mahinder Singh v. State of M.P. (1995 AIR SCW 4570)].*

(૨૬) આમ, ઉપરોકત ચુકાદો જોતાં જે વ્યકિત મદદગારી કરતી હોય તેનું મેન્ટલ પ્રોસેસ, તે કાર્ય કરવા માટે ઈન્વોલ્વ થાય છે તેમજ જયારે આક્ષેપિતે મદદગારી કરી હોય ત્યારે પ્રયાસ અને ત્રાસ આત્મહત્યા માટે ઉશ્કેરવા પુરતી હોવી જ જોઈએ.

(૨૭) હાલના કેસમાં જોવામાં આવે તો, આવો કોઈ પ્રયાસ કે પુરાવો કે જેના કારણે ગુજરનારે આત્મહત્યા કરેલ રેકર્ડ ઉપર આવતો નથી.

(૨૮) તે જ રીતે નામ. સુપ્રિમ કોર્ટે ૨૦૧૮(૪) ક્રાઈમ્સ પેજ નં.૫૭૦ ઉપર પ્રસિધ્ધ થયેલ એમ. અર્જૂનન વિ. સ્ટેટ રીપ્રઝન્ટેડ બાય ઈટસ ઈન્સ્પેકટર પોલીસના ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે,

> *(8) The essential ingredients of the offence under Section 306 I.P.C. are: (i) the abetment; (ii) the intention of the accused to aid or instigate or abet the deceased to commit suicide. The act of the accused, however, insulting the deceased by using abusive language will not, by itself, constitute the abetment of suicide. There should be evidence capable of suggesting that the accused intended by such act to instigate the deceased to commit suicide. Unless the ingredients of instigation/abetment to commit suicide are satisfied, accused cannot be convicted under Section 306 I.P.C.*

એટલે કે, જયાં સુધી ઈન્સ્ટીગેશન એટલે કે એબેટમેન્ટના તત્વો સંતોષાય નહી ત્યાં સુધી આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ અન્વયેના ગુનેગાર ઠરાવી શકાય નહી.

(૨૯) નામ.ગુજરાત હાઈકોર્ટે ***State of Gujarat V/s. Dipakji Somaji Thakor and ors. reported in 2023 (4) GLR 2619*** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, *"the prosecution has to establish any proximate reasons or incident which amounts to harassment to deceased to drive her to commit suicide. The prosecution requires to prove cruelty to such an extent and of such nature which leaves no choice for deceased, but to commit suicide, in absence of*

*such proof charge under Section-306 of IPC cannot be held to be proved".*

(૩૦) હાલના કેસમાં પણ ફરીયાદપક્ષ ગુજરનાર ત્રાસના કારણે આત્મહત્યા કરવા માટે મજબુર થયેલ હતા તેવા નિકટતાના કારણો અથવા બનાવ સાબીત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે.

(૩૧) નામ. સુપ્રિમ કોર્ટે ***Naresh Kumar V/s. State of Haryana, Criminal Appeal No.1722/2010 decided on 22th February, 2024*** ના ચુકાદામાં પાના નં. ૧૧ ઉપર એવુ ઠરાવેલ છે કે, *"What ultimately led the deceased to take such a drastic step of committing suicide is not clear. To put it in other words, the plain reading of the oral evidence of both these witnesses does not disclose any form of incessant cruelty or harassment on the part of the husband which would in ordinary circumstances drag the wife to commit suicide as if she was left with no other alternative. Mere demand of money from the wife or her parents for running a business without anything more would not constitute cruelty or harassment."*

(૩૨) હાલના કેસમાં પણ માત્ર ફરીયાદી રમેશભાઈ શકરાભાઈ રાઠોડ આંક–૧૫ અને સાહેદો લક્ષ્મીબેન રમેશભાઈ રઠોડ આંક–૧૭ અને વિજયભાઈ રમેશભાઈ રાઠોડ આંક–૨૩ ના પુરાવામાં એટલી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે ગુજરનારને તેના કાકી સાસુ તરફથી ઘરકામ બાબતે મેણાટોણા મારતા હતા. આમ, સતત અને અવિરત ત્રાસ અંગેનો કોઈ જ

પુરાવો રેકર્ડ ઉપર નથી. ઘરકામ ના ત્રાસ અંગેના જે આક્ષેપો છે તે લગ્ન જીવનના સામાન્ય આક્ષેપો છે અને તેને ક્રુઅલ્ટી ના સંદર્ભમાં ક્રુઅલ્ટી અથવા હેરેસ્મેન્ટ કહી શકાય નહી.

(૩૩) વધુમા નામ. સુપ્રિમ કોર્ટે ***Mariano Anto Bruno & another v/s. The Inspector of Police reported 2022 SCC OnLine SC 1387,*** Criminal Appeal No.1628/2022 ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, *"It is also to be borne in mind that in cases of alleged abetment of suicide, there must be proof of direct or indirect acts of incitement to the commission of suicide. Merely on the allegation of harassment without their being any positive action proximate to the time of occurrence on the part of the accused which led or compelled the person to commit suicide, conviction in terms of Section-306 IPC is not sustainable".*

હાલના કેસમાં પણ ફરીયાદપક્ષ એ હકીકત પણ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે ગુજરનારને સતત, અવિરત, સુસંગત, ક્રુરતા અથવા ત્રાસ તેના સાસરીપક્ષના સભ્યો તરફથી હતો અને ગુજરનાર પાસે આત્મહત્યા કર્યા સિવાય અન્ય કોઈ જ વિકલ્પ ન હતો.

(૩૪) ગુજરનારનું લગ્ન જીવન માત્ર ચાર વર્ષનું હતુ. તેથી હાલના કેસમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૧૧૩ (એ) આકર્ષાય છે. નિ:શંકપણે આ અનુમાન કાયદાકીય અનુમાન છે અને તેમાં "may" શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. નામ. સુપ્રિમ કોર્ટે ***Naresh Kumar***

***V/s. State of Haryana*** (supra) ના ચુકાદામાં પેરા નંબર ૨૮ અને ૨૯ માં ઠરાવેલ છે કે,

"***28.*** *In this appeal, we are concerned with Section 113A of the Evidence Act. The mere fact that the deceased committed suicide within a period of seven years of her marriage, the presumption under Section 113A of the Evidence Act would not automatically apply. The legislative mandate is that where a woman commits suicide within seven years of her marriage and it is shown that her husband or any relative of her husband had subjected her to cruelty, the presumption under Section 113A of the Evidence Act may be raised, having regard to all other circumstances of the case, that such suicide had been abetted by her husband or by such relative of her husband.*"

"***29.*** *What is important to note is that the term 'the Court may presume having regard to all other circumstances of the case that such suicide had been abetted by her husband' would indicate that the presumption is discretionary, unlike the presumption under Section 113B of the Evidence Act, which is mandatory. Therefore, before the presumption under Section 113A is raised, the prosecution must show evidence of cruelty or incessant harassment in that regard.*"

(૩૪.૧) નામ. ગુજરાત હાઈકોર્ટે ***State of Gujarat v/s. Dipakji Somaji Thakor and Ors.*** (Supra) ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, *"However, stage of application of Section-113-A of the Indian Evidence Act would arise only when there is initial evidence of any act on the part of the accused, which would fall in the definition of 'cruelty'. Even for the purpose of attracting Section-113-A of the Indian Evidence Act, one of the circumstance, which has to be considered by the Court is whether alleged act was of such cruel nature as was likely to drive the woman to commit suicide".*

(૩૫) ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૩ (એ) ના પુર્વાનુમાનને આકર્ષિત કરવા માટે ફરીયાદપક્ષ એ ફરજ થી બંધાયેલા છે કે, કે તેણે પ્રાથમીક રીતે એ હકીકત સાબીત કરવી જ પડે કે ગુજરનાર ને તેના સાસરીપક્ષ તરફથી ઉશ્કેરણી કરવામાં આવેલી અને તેણી ને ક્રુરતા હતી. જો આ હકીકતો સંતોષાય તો કલમ ૧૧૩(એ) નું પુર્વાનુમાન આરોપી વિરુધ્ધ કરવાનું રહે છે. હાલના કેસમાં ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષ એ હકીકત પ્રાથમીક રીતે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે ગુજરનારને ક્રુરતા અને ત્રાસ હતો અને તેણીને ઉશ્કેરણી અને ઈરાદા પુર્વકની મદદગારી તેના સાસરીપક્ષ તરફથી કરવામાં આવેલ હતી. તેથી હાલના કેસમાં કલમ ૧૧૩(એ) નું પુર્વાનુમાન કરવાનું રહેતુ નથી.

(૩૬) નિ:શંકપણે ગુજરનારે તેમના લગ્નજીવનની સાત વર્ષની

અંદર આત્મહત્યા કરેલ છે. સુસાઈડ સ્ત્રી સ્વભાવની ઘટના છે. જીવીત સ્ત્રી ધ્વારા ઘણા બધા કારણોસર સુસાઈડ કરવામાં આવે છે અને તે પૈકી કેટલીક સ્ત્રીઓ સામાન્ય તણાવ કે જે જીવનમાં સામાન્ય છે તે પણ સહન કરી શકતી નથી. કેટલીક સ્ત્રીઓ તેમની જગ્યાએ સંજોગોનો સામનો કરી શકતી નથી. કેટલાક તેમના જીવનમાં ઈચ્છીત ધ્યેય પ્રાપ્ત ન કરી શકવાના કારણે, હતાશાના કારણે આત્મહત્યા કરતા હોય છે. એવા ઘણા બધા કીસ્સા છે કે વિધાર્થીઓ ચોકકસ માર્કસ ના ટકા મેળવવામાં નિષ્ફળતાના કારણે સુસાઈડ કરતા હોય છે. કેટલાક ઉચ્ચ પોઝીશન જાળવી ન રાખવાના કારણે આત્મહત્યા કરતા હોય છે. આમ, પુરુષો અને સ્ત્રીઓ ધ્વારા આત્મહત્યા કરવાના ઘણા બધા કારણો છે. તમામ આત્મહત્યા અકુદરતી મૃત્યુ છે. જે વ્યકિત આત્મહત્યા કરે છે તે એ હકીકત જાહેર કરવાની સ્થિતિમાં નથી હોતા કે આત્મહત્યાના સમયે તેના અથવા તેણીના મગજમાં શું ચાલી રહયુ છે ? દરેકે દરેક પરણીત સ્ત્રી ના આત્મહત્યાના કીસ્સામાં એવુ અનુમાન કરી શકાય નહી કે તેણીને તેના પતિ અથવા સાસરીયા તરફથી ત્રાસ હતો.

(૩૭) હાલના કેસમાં ફરીયાદપક્ષ ક્રુઅલટી અને ત્રાસ અંગે પોઝીટીવ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાને અંતે ગુજરનાર મીના બેનનું મૃત્યુ જો કે તેણીના લગ્ન જીવનના સાત વર્ષની અંદર થયેલ છે તેમ છતાં ફરીયાદપક્ષ એ હકીકત સાબીત કરી શકતો નથી કે તેણીને તેના સાસરીપક્ષ તરફથી આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવામાં,ઉત્તેજીત કરવામાં

તેમજ ઈરાદા પુર્વક મદદગારી કરવામાં આવેલ હતી અને જે ત્રાસ આપવામાં આવતો હતો તે સતત , નિરંતર,અવિરત અને સહન ન કરી શકાય તેવો હતો અને ગુજરનાર પાસે આત્મહત્યા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. જયાં સુધી ત્રાસ અંગે કોજન્ટ, કન્વીન્સીંગ પુરાવો રેકર્ડ ઉપર ન આવે ત્યાં સુધી આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ−૩૦૬ મુજબના ગુન્હા બદલ દોષિત ઠરાવી શકાય નહી. આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ−૧૦૭ મુજબ મદદગારીના તત્વો પણ સંતોષાતા નથી. તેવા સંજોગોમાં, હું એવું મંતવ્ય ધરાવુ છું કે, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.આમ, હું એવુ મંતવ્ય ધરાવું છું કે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ પોતાનો કેસ તમામ શંકાઓથી પર સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય ''નકારમાં'' ઠરાવુ છું અને મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છુ.

## :: હુ ક મ ::

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૨૩૫(૧) મુજબ આરોપીઓ (૧) મીનાબેન પ્રવિણભાઈ ઉર્ફે પનાભાઈ મહોતભાઈ ગોહેલ અને (૨) વિદ્યાબેન દોલતભાઈ મહોતભાઈ ગોહેલનાઓને ભારતીય દંડ સંહિતા કલમ−૩૦૬ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ આર્ટીકલ નં.૧ સાડી અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીએ જો આ હુકમ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટેના રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મચુરકા ૬ માસના સમય સુધીના રજુ કરવા.

હુકમ આજ તા. ૦૧ લી, માહે– જુલાઈ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૧.૦૭.૨૦૨૪
સ્થળ:– નડીયાદ.

**(મહંમદસિરાજ એલ. શેખ)**
પાંચમા અધિક સેશન્સ જજ, નડીયાદ.
કોડ નં. જીજે ૦૦૭૪૩